સોનગઢના ગૌમુખ મંદિર પર કબ્જો જમાવવા મહારાષ્ટ્રના ટીખળખોરોનાં ધમપછાડા

દાન પેટી અને મંદિર સહિતનાં કેટલાંક વિસ્તારમાં કબ્જો જમાવ્યો, સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યાં

મહારાષ્ટ્રનું સરકારી તંત્ર પણ માથાભારે ઇસમોની પડખે

દોણ સહિતનાં કેટલાંક લોકો નિર્દોષ ભાવે મંદિરની સેવા કરી રહ્યા છે. દર રવિવારે અને શિવરાત્રી કે ચોમાસામાં તેમજ તહેવારમાં દક્ષિણ ગુજરાતનાં હજારો શ્રધ્ધાળુઓ અહીં દર્શનાર્થે ઉમટી પડે છે. સરકારી ગ્રાંટ ફાળવી પ્રવાસન ધામ તરીકે આ વિસ્તાર વિકસાવાયો છે. ગૌમુખ મંદિરને દાતાઓ દ્વારા દાનની રકમ વધુ જમા થતી હોય ત્યારે કેટલાંક ટીખળખોરે મહારાષ્ટ્રમાં ગૌમુખ મંદિર હોવાનું કહીં પોતાનાં હીટલરશાહી વલણ અને માથાભારે તત્વોને સાથે રાખી પોતાની દાનત બગાડતા દાન પેટીને બેલ્ડીંગ કરી સીલ કરી દીધી છે. જોકે, આ ગૌમુખ મંદિરનો વર્ષોથી દોણ- ગૌમુખ (ગુજરાત)ના ટ્રસ્ટના કબ્જો રહ્યો છે. જોકે, મહારાષ્ટ્રનું સરકારી તંત્ર પણ આવા માથાભારે ઇસમોનાં પડખે રહી વીજ કનેક્શનની કામગીરી કરતું જોવા મળ્યું છે.

વ્યારા : સોનગઢમાં ઐતિહાસિક, પુરાણમાં સ્થાન મેળવનાર પ્રવાસધામ તરીકે વિકસેલું દોણનાં જંગલમાં વર્ષોથી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેલા ભગવાન ભોલેનાથનાં ગૌમુખ મંદિર પર કબ્જો જમાવવા મહારાષ્ટ્રના કેટલાંક ટીખળખોરોએ થોડાક સમયથી ધમપછાડા શરૂ કર્યા છે. મંદિરની દાન પેટીને બેલ્ડીંગ કરી બિનઅધિકૃત કબ્જો જમાવ્યો છે. જેને લઈ વાતાવરણ તંગ બને તેવી સ્થિતિ નિર્માણ થવા જઈ રહી છે, સ્થાનિક આદિવાસીઓનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે કાયદો વ્યવસ્થા ખોરવાય તે પહેલાં સઘન બંદોબસ્ત સાથે વહિવટીતંત્ર આને ગંભીરતાથી લે તે જરૂરી બન્યું છે.

મહારાષ્ટ્રનાં માથાભારે ઈસમોએ તોડફોડ કરી નશાખોરોની કરતુતો કેમેરામાં કેદ ન થાય માટે અહીંનાં સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યાં છે. પરંતુ સ્થાનિક કક્ષાએ આવા ટીખળખોરો સામે કોઈ ફોજદારી પગલાં લેવાયા નથી. આ મંદિર મહારાષ્ટ્રનાં આવા માથાભારે તત્વોનાં હાથમાં ન જાય માટે ગૌમુખનાં ગુજરાતનાં ટ્રસ્ટીઓ તંત્ર સામે કાકલુદી કરતાં જોવા મળ્યા હતા. જોકે, હજુ સુધી વહિવટીતંત્રની આ મામલે કોઈ નક્કર કાર્યવાહી સામે આવી નથી. મહારાષ્ટ્ર સરકારે મંદિરની બાજુમાં એક તરફનો ભાગ કબ્જે કરી બગીચો બનાવ્યો હતો. ત્યાં રમત ગમતના સાધનો પણ ગોઠવી દીધા હતા. અમુક દુકાનો પણ ઉભી કરી દીધી હતી. ગૌમુખને વિકસાવવા માટે વન વિભાગે લાખો રૂપિયાનાં ખર્ચે અહીં પ્રવાસીઓ માટે રોકાવવાનું સ્થળ તેમજ અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરી છે.

LI.B. માટે ૨૧થી ૨૫ જુલાઈએ જીકાસ પોર્ટલ પર સુધારા અને નવા રજિસ્ટ્રેશન કરી શકાશે

મંજૂર કોલેજોમાં જ થશે પ્રવેશ, ૨૬ સુધી દસ્તાવેજ ચકાસણી, ૨૯થી શરૂ થશે ત્રીજો રાઉન્ડ

સુરતઃ રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં એલએલબી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જીકાસ પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયાનો બીજો તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સહિત અન્ય યુનિવર્સિટીઓ માટે વિદ્યાર્થીઓએ ૨૧થી ૨૫ જુલાઈ દરમિયાન ઓનલાઈન અરજી કરી શકશે. આ તબક્કો માત્ર નવા રજીસ્ટ્રેશન માટે નહીં, પરંતુ પહેલાના રજીસ્ટ્રેશનમાં સુધારાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ માટે પણ છે.

પ્રવેશ પ્રક્રિયા અન્વયે, જે વિદ્યાર્થીઓ અગાઉ રજીસ્ટ્રેશન રાઉન્ડ-૧ અથવા રાઉન્ડ-૨માં અરજી કરી ચુક્યા છે અને તેઓ કોઈ ભૂલ સુધારવા માગે છે, તેઓ માટે પણ ૨૧થી ૨૫ જુલાઈ સુધીનો સમય મુકવામાં આવ્યો છે. નવેસરથી રજીસ્ટ્રેશન કરાવનારા વિદ્યાર્થીઓએ ૨૬ જુલાઈ સુધીમાં નજીકના વેરિફિકેશન સેન્ટર પર જઈને દસ્તાવેજોની ચકાસણી કરાવવી જરૂરી રહેશે.

આ પ્રક્રિયા પછી ૨૯ જુલાઈએ ત્રીજો પ્રવેશ રાઉન્ડ જાહેર કરવામાં આવશે, જેમાં કોલેજો દ્વારા અપાયેલા ઓફર લેટર આધારે પ્રવેશ કન્ફર્મ કરવાની ફરજ રહેશે. જોકે પ્રવેશ ફક્ત તેવા કોલેજોમાં જ મંજૂર કરવામાં આવશે જેને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા ૨૫ જુલાઈ સુધીમાં માન્યતા આપવામાં આવી હશે. એટલે વિદ્યાર્થીઓએ પસંદ કરેલી કોલેજની માન્યતા BCI દ્વારા પ્રાપ્ત છે કે નહીં તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી રહેશે. આ સાથે ૩૧ જુલાઈએ ચોથો, ૨ ઓગસ્ટે પાંચમો અને ૫ ઓગસ્ટે છઠ્ઠો રાઉન્ડ પણ જાહેર કરાશે, જેથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશની તકો મળે.

10 વર્ષની મુદતના નિયમને કારણે સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર પદેથી ધારાસભ્ય સંદીપ દેસાઈનું રાજીનામું

સુરત શહેરજિલ્લાની 5 સહકારી બેંકોનાં 10 વર્ષ જૂના હોદ્દેદારો,ડિરેક્ટર્સ અંગે જિલ્લા રજિસ્ટ્રારે અહેવાલ માંગ્યો

સંદીપ દેસાઈ પછી સુ.ડિકો.બેંકના ઉપપ્રમુખ સુનીલ પટેલ, માજી પ્રમુખ નરેશ પટેલ, દિલીપ પાટીલ અને કિરીટ ગંગારામ પણ પણ રાજીનામું આપે એવી શક્યતા

સુરતઃ ભારત સરકારનાં લો એન્ડ જસ્ટીસ વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૫ નાં રોજનાં THE BANKING LAWS (AMEDMENT) AVT 2025 NO.16 ઓફ 2025 ના અમલીકરણ બાબતે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરત ને મળેલી સૂચના મુજબ સુરતની 5 સહકારી બેંકો પાસે હકીકતલક્ષી એહવાલ માંગવામાં આવ્યો હતો.

આ ઘટનાક્રમ પછી કાયદાકીય જોગવાઈ મુજબ 10 વર્ષની મુદતથી જે ડિરેક્ટર હોય તેઓને દૂર કરવાની પ્રક્રિયા શરૂ થાય એ પેહલા ધી સુરત ડિસ્ટ્રિક કો.ઓપરેટિવ બેંકના ચોર્યાસી બેઠકના ડિરેક્ટર અને ધારાસભ્ય સંદિપ દેસાઈ એ આજે ડિરેક્ટર પદેથી રાજીનામુ આપી દીધું હતું.સંદિપ દેસાઈ સાડા ચાર વર્ષ ઉપપ્રમુખ અને સાડા નવ વર્ષ ડિરેક્ટર પદે રહ્યાં છે.

પોતે શુક્રવારે બોર્ડ મિટિંગમાં રાજીનામુ સુડીકો.બેંકના એમડી. મહાવીરસિંહ ચૌહાણને આપી દીધું હોવાની કબૂલાત સાથે સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે,"બેંકિંગ એમેન્ડમેન્ડ લો 2025 ની જોગવાઈ મુજબ 10 વર્ષથી વધુ સમય સહકારી બેંકમાં ડિરેક્ટર રહી શકાય નહીં. એ કારણોસર રાજીનામું આપ્યું છે. સુડીકો. બેંકના તત્કાલિન પ્રમુખ તરીકે નરેશભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે અઢી અઢી વર્ષની બે ટર્મમાં અમે સુડીકો.બેંકની શાખાઓ વધારી 116 કરી હતી.એટીએમ. ની સંખ્યા જ્યાં માત્ર 2 હતી.એ સંખ્યા પણ 100 થી વધુ કરી હતી. બેન્કનો કુલ બિઝનેસ 11,000 કરોડ ઉપર પહોંચાડ્યો હતો.એ આજે 14,500 કરોડથી વધુ છે.અને 13.50 લાખ બેંકના ગ્રાહકો છે.

ચર્ચા એવી છે કે, સુરત શહેર જિલ્લાની 5 સહકારી બેંકોના 10 વર્ષ જૂના હોદ્દેદારો, ડિરેક્ટર્સ અંગે જિલ્લા રજીસ્ટ્રારે એહવાલ માંગ્યો હતો. એ પછી ગતિવિધિ વધી છે. સંદિપ દેસાઈ પછી સુડીકો.બેંકના વર્તમાન ઉપપ્રમુખ સુનિલ પટેલ,માજી પ્રમુખ નરેશ પટેલ,દિલીપ પાટીલ અને કિરીટ ગંગારામ પણ પણ રાજીનામું આપે એવી શક્યતા છે.

દર્શન નાયકની ફરિયાદને પગલે અહેવાલ મંગાવાયા

જિલ્લાના સહકારી આગેવાન અને પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકની ફરિયાદને પગલે જિલ્લા રજિસ્ટ્રારે 5 સહકારી બેંકોના GM,MD પાસે હકીકત લક્ષી એહવાલ મંગાવ્યો છે.જિલ્લા રજીસ્ટ્રારને મળેલી ફરિયાદને આધારે સુરત મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લિ., ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંક લિમીટેડ,ધી પંચશીલ મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લિમીટેડ,ધી પ્રાઇમ કો. ઓ. બેંક લિમીટેડ અને ધી વરાછા કો. ઓ. બેંક લિમીટેડના હોદ્દેદારો અને ડિરેક્ટર્સ કેટલા વર્ષથી કાર્યરત છે,એનો અહેવાલ મંગાવ્યો છે.જિલ્લા રજિસ્ટ્રાર એ પત્રમાં લખ્યું છે કે,"ભારત સરકારનાં લો એન્ડ જસ્ટીસ વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૫ નાં રોજનાં THE BANKING LAWS (AMEDMENT) AVT 2025 NO.16 ઓફ 2025 ના અમલીકરણ બાબતની રજુઆત મળી છે.એ સંદર્ભે સંસ્થાનો આધાર પુરાવા સહ હકીકત લક્ષી અહેવાલ સત્વરે મોકલી આપવા જણાવવામાં આવે છે.

સુરત જ્વેલરી મેન્યુફેક્ચરર્સ એસો.ની રજૂઆતને પગલે

હોલમાર્ક પ્રમાણપત્રમાં 9 કેરેટ ગોલ્ડની નવી કેટેગરી ઉમેરાઇ

વધતી મોંઘવારીમાં સોનાના ભાવ ગરીબ મધ્યમ વર્ગ માટે ખરીદ શક્તિ બહાર જતાં સરકારે શુભ અને લગ્ન પ્રસંગો સાચવવા નિર્ણય લીધો

સોનામાં હવે આ પ્રમાણે ગ્રેડ અને મિનિમમ ફાઈનનેસ હોલમાર્કિંગ હશે

ગ્રેડ કેરેટ	મિનિમમ ફાઈનનેસ
24KF	999
24KS	995
23 K	958
22K	916
20 K	833
18K	750
14K	585
9K	375

સુરત : વધતી મોંઘવારીમાં 24 થી 14 કેરેટ સોનાના ભાવ ગરીબ મધ્યમ વર્ગ માટે ખરીદ શક્તિ બહાર જતાં સરકારે શુભ અને લગ્ન પ્રસંગો સાચવવા માટે સોનામાં નવી 9 કેરીની કેટેગરી ઉમેરવા જાહેરાત કરી છે. BIS દ્વારા હોલમાર્ક પ્રમાણપત્રમાં 9K સોના માટે 375 મીનીમમ ફાઇનેસ નંબર જાહેર કરવામાં આવ્યો છે. સુરત જ્વેલરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના તત્કાલિન પ્રમુખ જયંતિભાઈ સાવલિયા અને વર્તમાન પ્રમુખ અમિત કોરાટ દ્વારા જ્વેલરી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા BIS ના ડાયરેક્ટર જનરલ પ્રમોદ કુમાર તિવારીને BIS હેઠળ હોલ માર્કિંગમાં 10 કેરેટ સોનાના દાગીનાનો સમાવેશ કરવા રજૂઆત કરી હતી. સુરત જ્વેલરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનની રજૂઆતને અનુસરીને, BIS એ તેના હોલમાર્ક પ્રમાણપત્રમાં 9 કેરેટ સોનું ઉમેર્યું છે.

બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ જુલાઈમાં તેના ચોથા સુધારામાં અન્ય સોનાના કેરેટ સાથે હોલમાર્ક સર્ટિફિકેશન ક્ષેત્રમાં 9 કેરેટ સોનાના દાગીનાનો સમાવેશ કર્યો હોવાથી જ્વેલરી ઉત્પાદકો અને ગ્રાહકો આનંદ છવાયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સોનાના ભાવમાં સતત અને તીવ્ર વધારા સાથે, ઉત્પાદકો અને ગ્રાહકો બંને માટે સોનાના દાગીનાની પોષણક્ષમતા એક ગંભીર પડકાર બની ગઈ છે. અગાઉ, હોલમાર્કિંગ ફ્રેમવર્કમાં 14K (58.5%), 18K (75%) ની શુદ્ધતામાં સોનાના દાગીના આવરી લેવામાં આવતા હતા. અને 22K (91.6%). જોકે, 10K સોનું (41.7%) BIS હોલમાર્કના દાયરાની બહાર રહ્યું હતું.

પ્રમાણપત્ર. વર્તમાન આર્થિક પરિદૃશ્ય અને બજારની ગતિશીલતાને ધ્યાનમાં રાખીને, SJMA એ વિનંતી કરી કે, BIS હોલમાર્ક સર્ટિફિકેશનના ક્ષેત્રમાં 10K સોનાના દાગીનાનો સમાવેશ કરશે.

SJMA ના પ્રમુખ અમિત કોરાટે જણાવ્યું હતું કે, સોનાના ભાવ હવે ઐતિહાસિક ઊંચાઈને વટાવી રહ્યા છે, તેથી ઘણા ગ્રાહકો, ખાસ કરીને મધ્યમ આવક ધરાવતા અને કામદાર વર્ગના ગ્રાહકોને પરંપરાગત 18K અને 14K ના ઘરેણાં ખરીદવામાં વધુને વધુ મુશ્કેલી પડી રહી છે. 10K સોનું એક વ્યવહારુ અને આર્થિક વિકલ્પ રજૂ કરે છે, જે લોકોને તેમની નાણાકીય સ્થિરતા સાથે સમાધાન કર્યા વિના વાસ્તવિક સોનાના ઘરેણાંમાં રોકાણ કરવાનું ચાલુ રાખવાની મંજૂરી આપે છે.

10K જ્વેલરી માટે BIS હોલમાર્કિંગનો અભાવ તેની વ્યાપક સ્વીકૃતિ અને વિશ્વાસને અવરોધે છે. ગ્રાહકોમાં BIS હોલમાર્કિંગના ક્ષેત્રમાં 10Kનો સમાવેશ કરવાથી 10K સોનાના દાગીનાની પ્રામાણિકતા અને માનકીકરણ સુનિશ્ચિત થશે, ગ્રાહકનો વિશ્વાસ વધશે અને ગેરરીતિઓ અટકાવશે, સોનાની સામગ્રીના યોગ્ય ખુલાસાને સરળ બનાવશે અને વાજબી વેપાર પ્રથાઓ સુનિશ્ચિત કરશે. BIS હોલમાર્કિંગ હેઠળ 9K સોનાની શુદ્ધતાનો સમાવેશ ભારતીય ઝવેરાત ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર બનશે અને આર્થિક વધઘટનો સામનો કરવામાં તેને સ્થિતિસ્થાપક બનાવવામાં મદદ કરશે, એમ એક ઝવેરાત ઉત્પાદકે જણાવ્યું હતું.

ગણેશોત્સવ માટે વડોદરા-વિશ્વામિત્રી સહિતની પાંચ વિશેષ ટ્રેનો દોડાવશે

મોટે ભાગની ટ્રેનો કોંકણ તરફ દોડાવવામાં આવશે

સુરતઃ ગણપતિ મહોત્સવ દરમિયાન મુસાફરોની વધતી માંગ અને ભીડને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવે દ્વારા પાંચ વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેનો વિવિધ સ્થળો માટે સ્પેશિયલ ભાડા સાથે ચલાવવામાં આવશે.

જેમાં મુંબઈ સેન્ટ્રલ - થોકુર (સાપ્તાહિક) સ્પેશિયલ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી દર મંગળવારે સવારે 11:30 કલાકે રવાના થઈ થોકુરમાં બીજા દિવસે સવારે 08:50 કલાકે પહોંચશે. તેમજ થોકુરથી દર બુધવારે સવારે 11:00 કલાકે રવાના થઈ મુંબઈ સેન્ટ્રલમાં બીજા દિવસે સવારે 07:15 કલાકે પહોંચશે.

મુંબઈ સેન્ટ્રલ - સાવંતવાડી રોડ સ્પેશિયલ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી રવિવાર, બુધવાર, શુક્રવાર અને શનિવારે સવારે 11:30 કલાકે રવાના થઈ બીજા દિવસે સવારે 02:30 કલાકે સાવંતવાડી પહોંચશે. તેમજ સાવંતવાડીને રવિવાર, સોમવાર, ગુરૂવાર અને શનિવારે સવારે 04:50 કલાકે રવાના થઈ મુંબઈ સેન્ટ્રલમાં રાત્રે 08:10 વાગે પહોંચશે. બાંદ્રા ટર્મિનસ - રત્નાગીરી (સાપ્તાહિક) સ્પેશિયલ ટ્રેન બાંદ્રાથી દર ગુરૂવારે બપોરે 02:20 વાગે રવાના થઈ રાત્રે 12:30 કલાકે રત્નાગીરી પહોંચશે. તેમજ રત્નાગીરીથી દર શુક્રવારે સવારે 01:30 કલાકે રવાના થઈ બપોરે 12:30 વાગે બાંદ્રા પર આવશે.

સુરતથી આ ટ્રેનો દોડશે

વડોદરા - રત્નાગીરી (સાપ્તાહિક) સ્પેશિયલ ટ્રેન વડોદરાથી દર મંગળવારે સવારે 11:15 કલાકે રવાના થઈ રાત્રે 12:30 કલાકે રત્નાગીરી પહોંચશે. તેવી જ રીતે, રત્નાગીરીથી બુધવારે સવારે 01:30 કલાકે રવાના થઈ સાંજે 05:30 કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન સુરત, વલસાડ, પલઘર, પનવેલ, ચિંપલુન સહિતના સ્ટેશન પર રોકાશે. તેમજ વિશ્વામિત્રિ - રત્નાગીરી (બાય વીકલી) સ્પેશિયલ ટ્રેન વિશ્વામિત્રિથી બુધવાર અને શનિવારે સવારે 10:00 કલાકે રવાના થઈ રાત્રે 12:30 વાગે રત્નાગીરી પહોંચશે. તેવી જ રીતે, રત્નાગીરીથી રવિવાર અને ગુરૂવારે સવારે 01:30 કલાકે રવાના થઈ સાંજે 05:30 વાગે વિશ્વામિત્રિ પર પહોંચશે. આ ટ્રેન ભરૂચ, સુરત, દહાણુ રોડ, પલઘર, પનવેલ, ચિંપલુન સહિતના સ્ટેશન પર રોકાશે.

જળસંચયમાં લોકસહભાગિતાનો મજબૂત મૉડલ: સુરત જિલ્લો રાજ્યમાં મોખરે

સુરત જિલ્લામાં વ્યક્તિગત રહેણાકમાં પણ જળસંચય માટેની યોજના માટે સહાય અપાશે

જિલ્લા પંચાયત દ્વારા રૂ. 50 લાખની જોગવાઈ, ટેકનિકલ ચકાસણી બાદ મળશે પ્રોત્સાહક ગ્રાન્ટ

જળમિત્ર, લોકસહયોગ અને ટેકનિકલ ચકાસણી સાથે જિલ્લા પંચાયતનો નવા માળખાગત દૃષ્ટિકોણ હેઠળ મોટાં પગલાં

સુરતઃ સુરત જિલ્લામાં જળસંચયને માત્ર સરકારી મિશન તરીકે નહીં, પરંતુ એક લોક આંદોલન તરીકે વિકસાવવા માટે જિલ્લાપંચાયત દ્વારા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધી ગ્રાઉન્ડ, શાળા-કોલેજો અને સરકારી મિલકતોમાં જળસંચયના મકાનો બનાવવામાં આવ્યા હતા, પરંતુ હવે આ અભિયાનને રહેણાંક ઘરોએ પણ અપનાવાય એ માટે સક્રિય પગલાં લેવાયા છે.

જિલ્લા પંચાયતે વ્યક્તિગત રહેણાંક મકાનમાં જળસંચય માટે લોકપ્રેરિત સહાય યોજના શરૂ કરી છે. આ માટે રૂ. 50 લાખનો સ્વભંડોળ ખર્ચવાની મંજૂરી તા. 18 જુલાઈ, 2025 ના રોજ યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં અપાઈ છે. આ યોજનાના અંતર્ગત, રહેણાંક મકાનના માલિકો પોતાની જગ્યાએ જળસંચય માટે યુનિટ બનાવશે. તેની ટેકનિકલ ચકાસણી જિલ્લા પંચાયતની સિંચાઈ શાખા દ્વારા થશે અને યોગ્યતા ધરાવતા યુનિટ માટે જ પ્રોત્સાહક સહાય રજુ કરાશે. વિશેષ વાત એ છે કે, મહત્તમ લોકસહયોગ મળે તે માટે 'જળમિત્ર'ની નિમણૂક અને ટ્રેનીંગ કાર્યક્રમ પણ અમલમાં આવ્યા છે. ગયા મહિને જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી અને જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલની અધ્યક્ષતામાં ટ્રેનીંગ સેમિનાર યોજાયો હતો, જેમાં તાલુકાવાર જળમિત્રોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે જળસંચય જેવા જીવનજરૂરી વિષયને સ્થાનિક લોકો આત્મસાત કરે છે, ત્યારે એ તંદુરસ્ત પર્યાવરણ, ભવિષ્યની પેઢીઓ અને કૃષિ નિર્ભર સમાજ માટે મજબૂત આધાર શિલા બની રહે છે. સુરત જિલ્લાનું આ મોડેલ આખા રાજ્ય માટે દૃષ્ટાંતરૂપ બની શકે તેમ છે.

60 હજારથી વધુ કામોની પૂર્તિ સાથે સુરત જિલ્લો અવ્વલ

જળસંચય અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સરકારી ગ્રાન્ટ, નાણા પંચ, CSR ફંડ અને સહકારી સંસ્થાઓના સહયોગથી કુલ 60,000 જેટલાં જળસંચય કામો પૂર્ણ થયા છે. સુરત જિલ્લો સમગ્ર ગુજરાતમાં આ કામગીરી માટે પહેલું સ્થાન ધરાવે છે, જે વહીવટી તંત્રની વ્યૂહરચના અને યોજનાત્મક દ્રષ્ટિકોણનો પરિણામ છે.

ચોમાસા પૂર્વે મરામત અને સફાઇ પણ હાથ ધરાઇ

ચોમાસાની ઋતુ પહેલાં અગાઉના વર્ષોમાં બનાવાયેલા જળસંચય યુનિટની સફાઈ અને જરૂરી મરામત પણ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કરાઈ છે, જેથી વરસાદનું મહત્તમ પાણી જમીનમાં ઉતરી શકે અને સ્થાયી પાણી સ્તર જાળવી શકાય.

વેસુમાં નવનિર્મિત બાંધકામ સાઈટ પરથી રૂપિયા 8.50 લાખની ચોરી

સુરત : વેસુની નવનિર્મિત અવધ સેલેનિક નામની બાંધકામ સાઈટ પરથી રૂપિયા 8,50,000ની કિંમતના લિફ્ટના એલ્યુમિનિયમના 42 ફર્મા અને નટ-બોલ્ટની બે બેગની ચોરી થયાનો મામલો સામે આવ્યો છે. આ ઘટના અંગે વેસુ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. જહાંગીરપુરાની સ્વયંમ બ્લિસમાં રહેતા 34 વર્ષીય કરન રમેશભાઈ વર્ધાની વેસુની નવનિર્મિત અવધ સેલેનિક બાંધકામ સાઈટ પર સિવિલ એન્જિનિયર તરીકે કામ કરે છે. તેમના દ્વારા ગત 10મીના રોજ રાત્રે 7:30 વાગ્યે બિલ્ડિંગ નંબર આઈના પહેલા માળે દાદરની બાજુમાં લિફ્ટના એલ્યુમિનિયમના 42 ફર્મા (રેમસન કંપનીના) અને નટ-બોલ્ટની બે બેગ મૂકવામાં આવી હતી. જોકે, બીજા દિવસે સવારે 8 વાગ્યે લેબર ફોરમેન જમીરુલ ઈસ્લામે તપાસ કરતાં આ સામગ્રી ગાયબ હોવાનું જણાતા લેબરે તેમને ફોન કરી ચોરીની જાણ કરી હતી.પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવાના ચક્ર ગતિમાન કર્યા છે.

ઓછી દષ્ટિવાળા પણ GPSCની ઉમેદવારી કરી શકે

જુનીયર ટાઉન પ્લાનરના હોદ્દા માટે જીપીએસસી સમક્ષ ઉમેદવારી ફોર્મ ભરવાની ગુજરાત હાઈકોર્ટ પરવાનગી આપી

અમદાવાદ : ઓછી દષ્ટિવાળા એક ઉમેદવારને જુનીયર ટાઉન પ્લાનર તરીકે જીપીએસસી દ્વારા ઉમેદવારી ફોર્મ ભરતાં અટકાવવામાં આવ્યો હતો. જો કે અરજદાર સોએબ અહેમદ બંગલાવાળાએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ કરીને ન્યાય માટે દાદ માંગતા ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ નિખિલ કરીએલ દ્વારા મહત્વના આદેશમાં અરજદાર સોએબ બંગલાવાળાનું ફોર્મ સ્વીકારી લેવા જીપીએસસીને આદેશ કર્યો હતો, એટલું જ નહીં આખરી પરિણામ સીલ બંધ કવરામા રાખવા જણાવ્યું છે. એટલે કે રીટના આખરી નિકાલ સાથે જે પરિણામ હોય તે જાહેર કરાશે.

અરજદાર ઉમેદવાર તરફથી સિનિયર એડવોકેટ કુમારેશ ત્રિવેદીએ એવી રજૂઆત કરી હતી કે અરજદાર 40 ટકા લો વિઝન કેટેગરીમાં આવે છે. અરજદારે બીઈ સીવીલ અને એમઈ સીવીલ પૂર્ણ કરેલ છે.2021માં રાજસ્થાનમાં ઓછી દષ્ટિ ધરાવતા ઉમેદવારોને જુનીયર ટાઉન પ્લાનર તરીકે માન્ય ગણ્યા છે.

ઉત્તર પ્રદેશમાં પણ દષ્ટિહિન ઉમેદવારોને સહાયક નગર નિયોજકની જગ્યા માટે લાયક ગણ્યા છે. તેલંગાણા અને તામિલનાડુમાં પણ આ જ રીતે જાહેરાત કરાઈ છે. આ કારણોસર ગુજરાતમાં પણ ઓછિ દષ્ટિવાળા ઉમેદવારને ફોર્મ ભરતા રોકવા જોઈએ નહીં. જસ્ટીસ કરિએલે મહત્વના આદેશમાં જીપીએસીને આદેશ કર્યો છે, કે અરજાદારનું જુનીયર ટાઉન પ્લાન તરીકેનું ફોર્મ સ્વીકારવુ અને તેનું પરિણામ સીલ બંધ કવરમાં રાખવાનું રહેશે, જે આ રીટના આખરી આદેશ સાથે સંકળાયેલું રહેશે.

ગુજરાતના જન જનનો અવાજ મજબૂતીથી ઉઠાવીશું : અમીત ચાવડા

બુથથી લઈને પ્રદેશ સુધી કોંગ્રેસ પક્ષનું સંગઠન મજબૂત બનાવીશું : અમીત ચાવડા

અમદાવાદ : સંગઠન સૃજન અંતર્ગત બુથથી પ્રદેશ સુધી નવું સંગઠન તૈયાર થશે, નવા લોકોને સંગઠનમાં તક મળશે. કોંગ્રેસ પક્ષ સંગઠનના માધ્યમથી પ્રજાની વચ્ચે જઈને પ્રજાની સાથે સંવાદ પ્રસ્થાપિત કરીને પ્રજાના મુદ્દાઓને લઈને લડત- આંદોલન કરશે. ગુજરાત હંમેશા પ્રગતિશીલ રાજ્ય રહ્યું છે, ગુજરાતીઓએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો છે, તે પરંપરાને આગળ લઈ જતા ગુજરાત અને ગુજરાતીઓનો વિકાસ થાય તે માટેના વિઝન સાથે તમામ કાર્યક્રમોને આગળ વધારીશું તેવું પ્રદેશ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે,

'ગુજરાતની આ ડબલ એન્જીન સરકારમાં સામાન્ય લોકોનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે, પોતાની સમસ્યાઓ પર રજૂઆત કરવી પણ ગુનો હોય તેવું વર્તન નાગરિકો જોડે કરવામાં આવે છે, જાગૃત નાગરિકો- પત્રકારોને સત્ય બોલવા પર ડરાવવામાં આવી રહ્યા છે તેવી પરિસ્થિતિમાં આ અઘોષિત કટોકટી સામે લોકશાહી બચાવવા ભાજપ સરકારની તાનાશાહી સામે પ્રજાનો અવાજ બનીને કોંગ્રેસનો એક- એક કાર્યકર લડશે.'

ગુજરાતમાં બ્રિજ તૂટે છે, લોકો મરે છે, દિકરીઓ આત્મહત્યા કરવા મજબુર બને છે, પશુપાલકો પોતાના હકની રજૂઆત કરવા જાય તો પોલીસ લાઠીઓ વરસાવે છે, ગુજરાતની જનતાનો ભાજપ સરકાર પરથી વિશ્વાસ ઉઠી ગયો છે.

ગુજરાતની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સલામતીના વિઝન સાથે કોંગ્રેસ પક્ષ શ્રી રાહુલ ગાંધીએ અગાઉ લોકસભામાં કહ્યું હતું તે પ્રમાણે ગુજરાતમાં ભાજપને હરાવીને રહેશે, જેના માટે કોંગ્રેસ પક્ષનું સંગઠન મજબૂત કરવા સાથે કાર્યકરોનો અવાજ બુલંદ કરીશું, કોંગ્રેસ પક્ષના દરેક નિર્ણયમાં કાર્યકરોની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે, દરેક આગેવાન, પદાધિકારી, કાર્યકરનો એક કોંગ્રેસ પરિવાર બનીને સાથે મળીને લડીશું અને પ્રજાની હકની લડાઈ જીતીશું.

અરવિંદ કેજરીવાલ 24 જુલાઈના રોજ ડેડિયાપાડામાં જાહેર સભા યોજશે

અમદાવાદ : થોડા દિવસ પહેલા સાબર ડેરી ખાતે દૂધના ભાવ ફેર માંગવા ગયેલા ખેડૂતો પર ભાજપ સરકારે બેરહમીપૂર્વક લાઠીચાર્જ કરાવ્યો હતો. જેના કારણે એક ગરીબ પરિવારમાંથી આવતા પશુપાલકનો મોત નીપજ્યું હતું. રાત દિવસ મહેનત કરીને પશુપાલકો દૂધ ભરે છે અને નફો ભાજપના મળતીયાઓ લઈ રહ્યા છે, તેવું આપના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું. ગુજરાતના ખેડૂતો પશુપાલકો મંડળીઓનો અવાજ બનવા માટે અરવિંદ કેજરીવાલ આગામી 23 તારીખે મોડાસા ખાતે પશુપાલકો અને ખેડૂતો માટે મહાપંચાયતમાં હાજરી આપશે. આ ઉપરાંત પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ પધારશે. આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આદિવાસી સમાજના અનેક સવાલો ઉઠાવ્યા અને મનરેગા જેવા હજારો કરોડોના કૌભાંડને પણ ખુલ્લા પાડ્યા છે. જેના કારણે હવે ભાજપ સરકારે તેમના વિરુદ્ધ ખોટા કેસોમાં ધારાસભ્ય ચૈતર વસાવાને ફસાવી દીધા અને જેલમાં મો